# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) **ગ્રામીણ વિસ્તારો લોકોને અવરજવર માટે સરળતા રહે તે માટે ૭૮૭ માર્ગોને કોન્ક્રીટ રોડ બનાવવા ૬૬૮ કરોડ રૂપિયાના ભંડોળને સરકારે મંજૂરી આપી**
2) **સ્વચ્છતા હી સેવા પખવાડિયાની ઉજવણી દરમિયાન રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૫૭ નગર પાલિકાઓમાં નાગરિકો દ્વારા એક કરોડ કરતા વધુ કલાકોનું શ્રમદાન**
3) **વિસનગરમાં ડાયાબિટીસથી પિડાતા બાળકો માટે પેન અને ઇન્સ્યુલીન કાર્ટેજનું વિતરણ કરાયું**
4) **આજે દક્ષિણ ગુજરાતના નવસારી, સુરત સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની હવામાન વિભાગન આગાહી**
5) **અમદાવાદમાં ચાલી રહેલી રાષ્ટ્રીય ખો-ખો સ્પર્ધામાં આજે ભુવનેશ્વર અને લખનૌ તથા રાયપુર અને અર્નાકુલમ વચ્ચે સેમી ફાઇનલ રમાશે**

------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM RURAL ROAD FUND

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોના ૧ હજાર ૨૦ કિલોમીટર લંબાઈના ૭૮૭ માર્ગોને કોન્ક્રીટ રોડ બનાવવા ૬૬૮ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં માર્ગો પર પાણી ભરાવાની તેમજ રસ્તા ધોવાઇ જવાની સમસ્યાના કાયમી ઉકેલ માટે ગામતળની લંબાઈમાં ૫.૫૦ મીટર કે ઉપલબ્ધ પહોળાઈમાં કોન્ક્રીટ રોડ બનાવવા માટે કુલ ૬૬૮.૩૦ કરોડ રૂપિયાની ફાળવણીની મંજુરી આપી છે.

જ્યાં કોન્ક્રીટ રોડ બનાવવો શક્ય નહી હોય ત્યાં પેવર બ્લોકની કામગીરી કરવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોને સુવિધાયુક્ત, ટકાઉ અને બારમાસી માર્ગો પુરા પાડવા હેતુથી રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

------------------------------------------------------------------------

- રીપીટ

# SVCHHTA HI SEVA

ગુજરાતમાં ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર સુધી “સ્વચ્છતા હી સેવા-૨૦૨૪” પખવાડિયાની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૫૭ નગર પાલિકાઓમાં  આ અભિયાન ને જનપ્રતિસાદ સાંપડી રહ્યો છે

થીમ આધારિત પબ્લિક ટ્રાન્સપોર્ટ અને હાઈવેની સાફ સફાઈમાં ૧ લાખ ૧૪ હજાર ૨૨૫ થી વધુ નાગરીકોએ સફાઈ ઝુંબેશમાં જોડાઈને ૧ કરોડ ૪૩ હજાર ૨૯૫ કલાકનું શ્રમદાન હાથ ધરીને ૩૦૧ ટન કચરો એકત્રિત કર્યો છે  જે પૈકી ૨૮૯ ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે

આ ઉપરાંત રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં કુલ ૨ હજાર ૧૨૧ ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટની સાફ સફાઈ હાથ ધરવામાં આવી રહી છે. તેમજ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના ૨ હજાર ૫૮ મુખ્ય રસ્તાઓ, ૬૬૪ માર્કેટ વિસ્તાર, ૨હજાર ૫૭૪ કોમર્શીયલ વિસ્તાર, ૫ હજાર ૩૫૭ રહેણાક વિસ્તારમાં સફાઈ ઝુંબેશ સાથે કુલ ૭૧૪ બ્લેક સ્પોટની પણ સાફ સફાઈ હાથ ધરવામાં આવી છે.

સફાઇ પ્રત્યેની જાગૃતિ માટે શેરી નાટક પણ યોજાઇ રહ્યાં છે.

-----------------------------------------------------------------------

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# SVCHHTA HI SEVA

"સ્વચ્છતા હી સેવા અભિયાન" અંતર્ગત દામનગર અને અમરેલી નગરપાલિકા દ્વારા રાત્રી સફાઈ હાથ ધરાઈ હતી.

નગરપાલિકાના કર્મચારીઓ અને સ્થાનિક નાગરીકો દ્વારા દામનગર અને અમરેલીના વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરી કરાઈ હતી અને લોકોને શહેર તથા ગ્રામ્ય વિસ્તારોને હરીયાળું અને રોગચાળા મુક્ત બનાવવા સ્વચ્છતા જાળવવા આહવાન કરાયું હતું.

ખંભાળિયા ખાતે સાયકલોથોન દ્વારા લોકોને સ્વચ્છતા માટેનો સંદેશ પાઠવવામાં આવ્યો

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં સફાઈ કર્મીઓને કીટ વિતરણ, મેડીકલ ચેકઅપ કેમ્પ તથા એસબીઆઈ દ્વારા વીમા અંગે જાણકારી આપવામાં આવી હતી.

સ્વસ્છતા હી સેવા પખવાડિયાના ભાગરૂપે, જેતપુર નગરપાલિકા અને જે.સી.આઈ ના સંયુક્ત ઉપક્રમે સાઇકલ રેલીનું આયોજન કરાયું.

અરવલ્લી, અંકલેશ્વર, અમરેલી, બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

વલસાડના નારગોલ દરિયાકિનારે લોકોએ શ્રમદાન કરી દરિયાકાંઠાને સ્વચ્છ કર્યો હતો.

---------------------------------------------------------------------

- પીટીસી, દ્વારકા, અમરેલી, નિકીતા

-(NAVIN)

# RUSHIKESH PATEL

મહેસાણા જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી 30 લાખ રૂપિયાના ખર્ચે વિસનગરમાં વિવિધ આરોગ્ય લક્ષી સેવાઓ આપવામાં આવી છે. લગભગ 185 જુવેનાઇન ડાયાબિટીસ ટાઈપ-1 ધરાવતા બાળકો માટે પેન અને ઇન્સ્યુલિન કાર્ટેજ વિતરણ તેમજ સીએસઆર અંતર્ગત આ સેવાઓ પ્રદાન કરવામાં આવી છે.. હયફન ફુડસ ના સહયોગથી 12 લાખ રૂપિયાના ખર્ચે 145 સગર્ભા બહેનોને છ માસની પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું છે..

આ ઉપરાંત એપીએમસીના ચેરમેનના સહયોગથી ડાયાબિટીસ માટે ગ્લુકોમીટર મશીનનું વિતરણ કરવામાં આવ્યું છે.. સીએસઆર અંતર્ગત સેરા સેનેટરીવેર લીમીટેડ દ્વારા જુવેનાઇલ ડાયાબિટીસ ટાઈપ એક ધરાવતા જરૂરિયાત મંદ ૨૦ બાળકો માટે ફ્રીજ પણ આપવામાં આવશે..

તેમ આરોગ્યમંત્રી ઋષિકેશપટેલે જણાવ્યું હતું..

## BYT : **આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

------------------------------------------------------------------

- માહિતીખાતુ- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# HAVAMAN

હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ જ્યારે અન્ય વિસ્તારોમાં મધ્યમથી હળવા વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે આજે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના વલસાડ, તાપી, સુરત અને કેનદ્ર શાસિત પ્રદેશ દિવ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે.. જ્યારે પ્રતિકલાક 30 કિલોમિટરની ઝડપે પવન ફુકાવાની આગાહી સાથે મધ્ય ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદામાં છુટાછવાચા વિસ્તારોમાં મધ્યમથી હળવા વરસાદની આગાહી કરીને યલો એલર્ટ જાહેર કર્યું છે..

---

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# NATIONAL KHO KHO

અમદાવાદમાં ખો-ખોની રાષ્ટ્રીય સ્પર્ધા યોજાઇ છે.. કેન્દ્રીય વિદ્યાલય અમદાવાદ કૅન્ટ ખાતે નેશનલ ખો-ખો સ્પોર્ટ્સ મીટ અંડર-14 ભાઇઓની રમત રમાઇ રહી છે.. ખેલાડીઓ મેચ જીતવા માટે એડીચોટીનું જોર લગાવ રહ્યાં છે.. ક્વાર્ટર ફાઇનલ મેચ - ભુવનેશ્વર અને મુંબઈ વચ્ચે રમાઇ હતી.. જેમાં ભુવનેશ્વર ટીમે શ્રેષ્ઠ રમતનું પ્રદર્શન કરીને વિજય મેળવ્યો હચો જ્યારે રાંચી અને લખનૌ વચ્ચે રમાયેલી રસાકસી ભરી મેચમાં લખનૌની ટીમે જીત મેળવી અને સેમી-ફાઇનલમાં પ્રવેશ કર્યો. આ ઉપરાંત રાયપુર અને જમ્મુ: વચ્ચેની મેચમાં રાયપુરનો વિજય થયો હતો.. હવે આજે સેમી ફાઇનલમાં ભુવનેશ્વર સામે લખનૌ અને રાયપુર વિરૂધ્ધ અર્નાકુલમ વચ્ચે મેચ રમાશે..

---------------------------------------------------------------------

- પીઆઇબી- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા તેમની માંગ પૂરી કરવાના ઉદ્દેશથી ઉધના અને હિસાર તથા વડોદરા અને હિસાર વચ્ચે વિશેષ ભાડા પર વન-વે સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉધના-હિસાર સ્પેશયલ ટ્રેન મંગળવાર 24 સપ્ટેમ્બરના રોજ ઉધનાથી રાત્રે દસ વાગીને 55 મિનિટે ઉપડશે અને બીજા દિવસે રાત્રે નવ વાગીને 30 મિનીટે હિસાર પહોંચશે. આ ટ્રેન માર્ગમાં સૂરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, મારવાડ, બ્યાવર, અજમેર, ફુલેરા, રીંગસ, નારનૌલ, રેવાડી અને ભિવાની સ્ટેશનો પર રોકાશે. જ્યારે વડોદરા-હિસાર સ્પેશયલ બુધવાર, 25 સપ્ટેમ્બરના રોજ વડોદરાથી રાત્રે 11 વાગીને 45 મિનીટે ઉપડશે અને બીજા દિવસે રાત્રે સાડા આઠ વાગે હિસાર પહોંચશે.

--------------------------------------------------------------------

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Kaushiki dance

ભાવનગરની ગોપ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓને કૌશિકી નૃત્યની તાલીમ અપાઈ હતી..

ઉલ્લેખનીય છે કે, કૌશિકી નૃત્યમાં શરીરના દરેક અંગ અને ગ્રંથીને કસરત મળે છે. વિદ્યાર્થિનીઓને શરીરની સ્વચ્છતા જળવાય તે અંગે તાલીમબદ્ધ કરવા આ વિશેષ તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થિનીઓને યોગ-કસરત વિશે સમજ આપવામાં આવી હતી.

---

- પીટીસી ભાવનગર -નિકીતા -(NAVIN)

# JUNAGADH- RAGHVJI PATEL

રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને જૂનાગઢમાં એક ચિંતન શિબિર યોજાઈ ગઈ. વેટરનરી કોલેજ ખાતે રાજ્યકક્ષાની ચિંતન શિબિરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પશુપાલકોના આર્થિક ઉત્કર્ષ માટે વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

તેમણે રાજ્યભરના પશુપાલન અને ડેરી ક્ષેત્રના નિષ્ણાંતોને પ્રવર્તમાન યોજનાઓને વધુ કાર્યક્ષમ બનાવવા જરૂરી સૂચનો કરવા અપીલ કરી હતી. મંત્રીશ્રીએ પશુપાલકોને આર્થિક રીતે સશક્ત કરવા માટે KCC એટલે કે કિસાન ક્રેડિટ કાર્ડનો વ્યાપ વધારવાને આવશ્યક ગણાવ્યું હતું.

----------------------------------------------------------------------

- મા.ખાતું-જયેશ પટેલ-યશ્વી

# AMC KAMGIRI

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા જાહેર પાન મસાલા ખાઇ થૂંકીને ગંદકી કરનારા લોકો સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે.. શહેરમાં સાત ઝોનમાં કામગીરી કરીને 65 જેટલા લોકો સામે કાર્યવાહી કરીને છ હજાર 550 રૂપિયાનો દંડ વસૂલ કરાયો હતો.. સૌથી વધુ દક્ષિણ ઝોનમાં 21 અને મધ્યઝોનમાં 17 લોકો સહિત તમામ ઝોનમાં કામગીરી કરવામાં આવી હતી.

---

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા

-(NAVIN)